ક્રમાંકઃ કયજ/૧૫૦૨-એમએલએ-૩-ખ.૧
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૩/૧૧/૨૦૦૪

પ્રતિ,
પ્રમુખશ્રી,
ગાંધીધામ મૈત્રી મંડળ,
એસ.ડી.બી.-૧૨૩-૧૨૪,
આદીપુર(કચ્છ)-૩૭૦૨૦૫

**વિષય :-પૂર્વ મંજુરી આપવા બાબત.**
ગાંધીધામ મૈત્રી મંડળ,આદિપુર (કચ્છ) સંચાલિત દાદા દુખાયલ બી.એડ.કોલેજને મંજુરી આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વેના કાર્યકારી કુલ સચિવશ્રી, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા,કચ્છ યુનિવર્સિટીના તા.૧૧-૧૦-૨૦૦૪ ના પત્ર ક્રમાંકઃ-ક.યુ./જોડાણ/૨૦૦૪-૦૫/૧૬૮૪-૧૬૮૬ તથા આપના તા.૧૧-૧૧-૨૦૦૪ ના સોગંદનામા ની વિગતોને ધ્યાને લેતાં આપની સંસ્થા સંચાલિત દાદા દુખાયલ(હિન્દી માધ્યમ) બી.એડ. કોલેજ આદીપુર કચ્છને શૈક્ષણિક વર્ષ ૨૦૦૪-૦૫ માટે બી.એડ.ના અભ્યાસક્રમ કાયમી સ્વનિર્ભરતાના ધોરણે શીખવવાનું શરૂ કરવા નીચેની શરતે આથી રાજય સરકારની સૈધ્ધાંતિક પૂર્વ મંજુરી આપવામાં આવે છે.:-

(૧) સંસ્થાએ રજુ કરેલ સોગંદનામામાં જણાવ્યા મુજબ કાયમી ધોરણે સંસ્થાને કોઇ ગ્રાન્ટ મળશે નહી. હાલ તથા ભવિષ્યમાં સંસ્થાએ કોલેજ સંપૂર્ણપણે સ્વખર્ચે ચલાવવાની રહેશે, તથા સંસ્થા દવારા ગ્રાન્ટ અંગે ભવિષ્યમાં પણ કોઇ માંગણી કરવામાં આવશે નહી.
(૨) સંસ્થા/ કોલેજે યુનિવર્સિટી તેમજ રાજય સરકાર વખતોવખત નકકી કરે તે નિયમો/ શરતોનું યથાયોગ્ય પાલન કરવાનું રહેશે.
(૩) યુનિવર્સિટી તરફથી શરતોના પરિપાલનનો અહેવાલ મળ્યા બાદ જ જોડાણ આપવા અંગે વિચારણા કરવામાં આવશે.
(૪) આ અભ્યાસક્રમો અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરામર્શમાં ગુણવત્તાના ધોરણે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે યુનિવર્સિટી જે પધ્ધતિ નકકી કરે તે મુજબ પ્રવેશ આપવાનો રહેશે.
(૫) સદરહુ અભ્યાસક્રમ શરુ થયા બાદ કોઇ કારણસર બંધ થાય તો સ્ટાફની જવાબદારી રાજય સરકાર ઉઠાવશે નહી તે અંગેની સંપૂર્ણ જવાબદારી સંસ્થાની રહેશે.
(૬) આ અભ્યાસક્રમ અંગે કેન્દ્ર સરકાર/ રાજય સરકાર કે અન્ય સંસ્થાઓની મંજુરી લેવાની જરુર હોય તો તે તમામ મંજુરી સંસ્થાએ મેળવી લેવાની રહેશે.
(૭) સંસ્થાએ મૂકેલ રૂા.૬,૦૦,૦૦૦-૦૦ (અંકે રૂપિયા છ લાખ પુરા) ની ફીકસ્ડ ડીપોઝીટ વર્ષો વર્ષ પાકતી તારીખે વ્યાજ સહિત ફરીથી ૬(છ) વર્ષ માટે તાજી(રીન્યુ) કરાવી તેની રસીદની પ્રમાણિત નકલ સરકાર તથા યુનિવર્સિટીમાં રજુ કરવાની રહેશે.
(૮) આ અભ્યાસક્રમ અંગે ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા, કચ્છ યુનિ.ધ્વારા જોડાણ અંગે નિયત કરવામાં આવેલ શરતોનું યથાર્થ પરીપાલન કરવાનું રહેશે.

ઉપરોકત શરતો પૈકી કોઇ પણ એક શરતનું પાલન કરવામાં સંસ્થા નિષ્ફળ રહેશે તો આપવામાં આવેલ પ્રસ્તુત મંજુરી આપોઆપ રદ થશે.

આપનો વિશ્વાસુ,
( બી. જે. બ્રહ્મભટ્ટ )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

**નકલ રવાના :-**
૧. માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. કુલસચિવશ્રી, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા,~~પહેલોમાળ,~~ યુનિ. પરિસર ... ગુજ.ટુરીઝમ હોટલ તોરણ,કોલેજ રોડ,ભુજ-કચ્છ,૩૭૦૦૦૧
૩. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,ડો. જીવરાજ મહેતા ભવન,ગુજરાત રાજય,ગાંધીનગર.
૪. નાયબ સેકશન અધિકારીશ્રી પસંદગી ફાઇલ. ૫. પસંદગી ફાઇલ.

D. D. B. Ed. College
In: 4
D: 23.11.04